જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૫/૦૮/૨૦૨૩ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### વટવા પો.સ્ટે.વિસ્તારમાંથી વિદેશી દારુની બોટલો નંગ-૨૬૧ કિ.રૂ.૪,૦૦,૪૭૫/- મળી કુલ્લે રૂપિયા ૪,૧૨,૯૭૫/ ના મુદામાલ સાથે એક આરોપી ને ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે તા.૦૪.૦૮.૨૩ ના રોજ પી.સી.બી. પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા સ્ટાફના મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ. જગદેવસિંહ ગુલાબસિંહ બ.ન.૧૩૪૬૭, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો.ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.નરેન્દ્રભાઈ મેરુભાઈ ૪૮૯૯, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧, અ.પો.કો.પ્રવીણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ તથા અ.હે.કો.નરેન્દ્રકુમાર મેરુભાઈ નાઓને સંયુક્ત રીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે વટવા કેનાલ પાસે આવેલ ઓમ શાંતિ બંગ્લોઝ ના મ.ન.એ/૨ માં પંચો સાથે સ્ટાફનાં માણસોએ રેઈડ કરતા આરોપી નામે જીગર કિરીટભાઈ શાહ ઉ.વ.૩૫ રહે.મ.ન.૫૮/૬૯૩, ધીરજ હાઉસિંગ, ઋષિકેશનગર, ન્યુ સેવન ડે સ્કુલ પાસે, ખોખરા, અમદાવાદ નાને જુદા જુદા બ્રાન્ડની વિદેશી દારુની બોટલો નંગ-૨૬૧ કિ.રૂ.૪,૦૦,૪૭૫/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૪,૧૨,૯૭૫/- ના મુદામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી વટવા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૩૮૨૩૦૭૪૫/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૩(૧)(બી),૮૧, મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ:** (૧) જીગર કિરીટભાઈ શાહ ઉ.વ.૩૫ રહે.મ.ન.૫૮/૬૯૩, ધીરજ હાઉસિંગ, ઋષિકેશનગર, ન્યુ સેવન ડે સ્કુલ પાસે, ખોખરા, અમદાવાદ

**વોન્ટેડ આરોપીઓ :** મનીષ બિપીનભાઈ પટેલ રહે.પી.ડી.પંડયા સ્કુલની બાજુમાં, વટવા, અમદાવાદ શહેર

**ગુનાની જગ્યા :** વટવા કેનાલ પાસે આવેલ ઓમ શાંતિ બંગ્લોઝ ના મ.ન.એ/૨ માં થી

**પકડાયેલ મુદામાલ :** (૧) જુદા જુદા બ્રાન્ડની વિદેશી દારુની બોટલો નંગ-૨૬૧ કિ.રૂ.૪,૦૦,૪૭૫/- (૨) રોકડા નાણા ૨૫૦૦/ (૩) મોબાઈલ ફોન નંગ ૧ કિ.રૂ.૧૦,૦૦૦/- (૫) ભાડા કરાર ની નકલ મળી કુલ્લે રુપિયા ૪,૧૨,૯૭૫/ ની મત્તાનો મુદામાલ

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૭૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી, ૩૮૭ લીટર દેશી દારૂ, ૫૫૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪૧ બિયર ટીન, ૧ કાર, ૧ મોટર સાયકલ, ૨ રિક્ષા અને ૮ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૨૫,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૭૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૨૮૦/૨૦૨૩

**આનંદનગરઃ** શ્યામલ બાલકૃષ્ણ સોની (ઉ.વ.૪૪)(રહે,દેવપુજા ફ્લેટ, પ્રેરણાતીર્થ દેરાસર રોડ જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઇટ) એ તા.૦૪/૦૮/૨૦૨૩ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સપ્ટેમ્બર/૨૦૨૦ થી તા.૦૪/૦૮/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) નીમીષ કિરીટકુમાર દાવડા (રહે,ઇંદ્રપર્થ ગ્રીન, શીખર ટાવર સામે, શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઇટ મુળ વતન ગામ:- જામનગર વુદાવન હેમરાજ દાવડા ખાદી ભંડાર પાસે, રંણજીત રોડ જામનગર) અને (૨) વિનય હસમુખભાઇ દાવડા (રહે, જામનગર હાલ:- કોન્ગો, દક્ષિણ આફ્રીકા) એ ભેગામળી “શ્રી વિનાયક કૉર્પોરેશન” નામની પેઢી બનાવી, સોમેશ્ર્વર કોમ્પલેક્ષ દુકાન નંબર૧૨૪ નો ખોટો ભાડા કરાર બનાવી, મ્યુની. કોર્પોરેશનમાં ગુમાસ્તા ધારાની ઓફીસમાં રજુ કરી પેઢી રજીસ્ટર કરી, જે પેઢીના નામે IDBI બેન્ક સેટેલાઇટ બ્રાંન્ચમાં ખાતુ ખોલાવી, શ્યામલ સોનીની કંપની પાસેથી ૫૨૦ ટન ચોખાના સપ્લાયનો ઓર્ડર મેળવી તે પેટે એડવાન્સ કુલ ૨,૯૬,૪૦૦/- યુ.એસ.ડોલર જે ભારતીય ચલણ મુજબ આશરે કુલ રૂપિયા ૨,૧૬,૫૩,૫૮૦/- મેળવી લઇ, “શ્રી વિનાયક” નામની પેઢીના ખોટા પરર્ફોમા ઇન્વોઇસ બનાવી, શ્યામલ સોનીની કંપનીના કેતનભાઇ કોટેચા સાથે તા.૧૮/૦૨/૨૦૨૧ નારોજ આનંદનગર એસ.જી.હાઇવે ક્રાઉન પ્લાઝા હોટલ ખાતે મીટીગ કરી પરર્ફોમા ઇન્વોઇસ પ્રમાણે ૫૨૦ ટન ચોખા તાનઝાનીયા દેશમાં મોકલી આપવાનો વિશ્ર્વાસ અને ભરોસો આપી ઓર્ડર મુજબના ચોખાનો જથ્થો નહિ મોકલી આપી તેમજ એડવાન્સ લીધેલ રૂપિયા પરત નહિ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

**નજર ચુકવી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૧/૨૦૨૩**

**રાણીપઃ** શારદાબહેન વા/ઓ જયેશભાઈ કાસ્વાકર (ઉ.વ.૭૨)(રહે.કાર્યશિલ્પ રેસીડેન્સી આર.ટી.ઓ કચેરી પાછળ સુભાષબ્રિજ રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૮/૨૦૨૩ બપોરના ૩/૦૦ થી કલાક ૩/૧૫ વાગ્યા દરમ્યાન રાણીપ પ્રબોધ રાવલ એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડથી રાણીપ પ્રબોધરાવલ બ્રિજ ચડતા સુધીની ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરિક્ષા ચાલક અને પાછળની સીટમા બેસેલ બે અજાણી સ્ત્રીઓએ ભેગામળી શારદાબહેનના ગળામા પહેરેલ સોનાનો દોરો કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- શારદાબહેનની નજર ચુકવી કાઢી લઈ ચોરી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એમ.એસ.ગોહેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૮૨/૨૦૨૩**

**દાણીલીમડાઃ** પ્રદિપભાઈ રમેશભાઈ પરમાર (ઉ.વ.૨૭)(રહે,શીવશક્તિ સોસાયટી વિભાગ-૨ દાણીલીમડા ગામ) એ અગમ્ય કારણસર તા.૪/૦૮/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ત્રીજા માળે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યોગેશભાઈ રમેશભાઈ ચલાવે છે.

**નારોલઃ** સુખદેવસીંગ જયમલસીંગ ગ્લેરીયે (ઉ.વ.૬૩)(રહે,રંગોલીનગર, હાઇફાઇ ચાર રસ્તા પાસે, નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૨૦૨૩ સવારના ૯/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પ્રથમ માળે લોખંડની પાઇપ(એંગલ) સાથે કાપડનો ગમછો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી